# સાહિત્યિક એજન્ટ

સાહિત્યિક એજન્ટ એક એવી વ્યક્તિ છે જે લેખકનું પ્રતિનિધિત્વ કરે છે અને તેના/તેણીના કાર્યનો પ્રકાશિત કરવા માટે અલગ-અલગ પ્રકાશન ગૃહોમાં તેનો પ્રચાર-પ્રસાર કરે છે. સાહિત્યિક એજન્ટ અપ્રકાશિત કાર્યને સંપાદકો સુધી પહોંચાડીને પુસ્તકના પ્રકાશન અંગેની વાટાઘાટો કરીને, લેખકો અને પ્રકાશકો વચ્ચે સંપર્ક કરીને લેખકોનું પ્રતિનિધિત્વ કરે છે. તે સુનિશ્ચિત કરે છે કે બંને પક્ષો એક સૌહાર્દપૂર્ણ સમજૂતી પર પહોંચે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે મૌખિક અને લેખિત પ્રત્યાયનમાં કુશળ છો
- તમે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો છો અને વિગતો પર ધ્યાન આપો છો
- તમે સંપર્કોનું મજબૂત નેટવર્ક બનાવવા અને જાળવી રાખવામાં સક્ષમ છો
- તમે પુસ્તક બજારના વલણોથી વાકેફ છો અને સમજો છો કે કઇ બાબતો પુસ્તકને સારું બનાવે છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૭,૫૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અંગ્રેજી/પત્રકારિત્વ/માસ કોમ્યુનિકેશન અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

અંગ્રેજી/પત્રકારિત્વ/માસ કમ્યુનિકેશન અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, માર્કેટીંગમાં ડિપ્લોમા કરો.

અમુક ચોક્કસ સંસ્થાઓમાં પ્રવેશ માટે, તમારે સંસ્થાની પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે. (જો લાગુ હોય તો.)

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સાહિત્યિક એજન્ટનું અંદાજીત માસિક વેતન **રૂ. ૫૦,૦૦૦ થી ૧,૧૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત : https://www.salaryexpert.com/salary/job/literary-agent/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સાહિત્યિક એજન્સીઓ

**ઉદ્યોગ સાહસિકતા :** તમે સ્વતંત્ર રીતે કામ કરી શકો છો અથવા તમારી સાહિત્યિક એજન્સી શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારા કામના કલાકો ઘણીવાર અનિશ્ચિત હોય છે, કારણ કે નિયમિત ઓફિસ સમય ઉપરાંત, સંબંધો કેળવવા માટે તમારે સાંજના સમયે કે સપ્તાહના અંતમાં ગ્રાહકો અને સંપાદકોને મળવું પડશે. જો કે, મોટાભાગનો સમય ઓફિસમાં જ પસાર થાય છે. તમારે કામના કલાકો ઉપરાંત કૃતિઓનું વાચન કરવાની જરૂર પડી શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સાહિત્યિક એજન્ટ સહાયકો → સાહિત્યિક એજન્ટ → લેખક અને સંપાદક → ટેકનિકલ લેખક → પ્રોજેક્ટ મેનેજર → ભાગીદાર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

લિટરરી એજન્ટ, લિટરલી એઇડ, મેન્યુસ્ક્રિપ્ટ રીડર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ પત્રકારત્વ/માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દિલ્હી કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, નવી દિલ્હી
૨. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, નવી દિલ્હી
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૪. કેરળ યુનિવર્સિટી, તિરુવનંતપુરમ
૫. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૬. યુ.એન.આઈ. પુણે - સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૭. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૮. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. માઈકા (એમ.આઈ.સી.એ.) અમદાવાદ
૨. ઇન્સ્ટિટ્યુટ ઓફ ક્રિએટિવ એક્સેલન્સ
૩. ગાર્ડન સિટી યુનિવર્સિટી, બેંગલુરુ
૪. ઝેવિયર ઇન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન્સ
૫. ગ્રાફિક એરા હિલ યુનિવર્સિટી, દેહરાદૂન
૬. રુઈયા કૉલેજ - રામનારાયણ રુઈયા કૉલેજ
૭. યુ.આઈ.ડી., અમદાવાદ
૮. સોફિયા કોલેજ ફોર વુમન, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- એન.પી.ટી.ઈ.એલ.* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**પ્રીતિ ગિલ** સ્વતંત્ર સંપાદક અને સાહિત્યિક એજન્ટ છે. કમિશનિંગ એડિટર અને રાઇટ્સ મેનેજર તરીકે, તેણી પ્રકાશન ઉદ્યોગમાં વીસ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. સાહિત્યિક એજન્ટ તરીકેની નવી ભૂમિકામાં, તેણી ત્રીસથી વધુ પ્રસિદ્ધ, સમિક્ષકો દ્વારા વખણાયેલા ફિક્શન તેમજ રચનાત્મક નોન-ફિક્શન લેખકોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમના પુસ્તકોમાં નિબંધોનો એક સંપાદિત ખંડ ધ પેરિફેરલ સેન્ટરઃ વોઈસીસ ફ્રોમ ઈન્ડિયાઝ નોર્થઈસ્ટ; બેરિંગ વિટનેસ સહિત અનેક પુસ્તકોનો સમાવેશ થાય છે.*

સ્રોત : https://librarywala.com/authors/1015151048-preeti-gill

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.